**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૨૦/૫/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૧૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૨૯૮ લીટર દેશી દારૂ, ૪૪ બોટલ ઇગ્લીશ દારૂ અને ૨૯ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૧,૩૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૦૧૬/૧૫**

**અમરાઇવાડી :** અમરાઇવાડી વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની તરૂણીના પિતાએ તા.૧૯/૫/૧૫ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫, ૧૬ અને ૧૭/૫/૧૫ ત્રણ દિવસ બપોરનાં ૨/૦૦ થી ૨/૩૦ દરમ્યાન, ઘર નજીક રહેતો આરોપી ઉદયભાન જગપતસુમીરન વિશ્વકર્મા (ઉ.વ.૩૮) એ તરૂણીની એકલતાનો લાભ લઇ, તરૂણીનાં ઘરે જઇ ચપ્પુ બતાવી, તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.વી.રાજગોર ચલાવે છે.

ઉપરોક્ત ગુનાનાં આરોપી ઉદયભાન જગપતસુમીરન વિશ્વકર્મા ને તા.૧૯/૫/૧૫ રાતનાં ૯/૪૦ વાગે ઉપરોકત ગુનાના કામે અમરાઇવાડી પોલીસે અટક કરેલ છે.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૧૦૧૭/૧૫**

**કાગડાપીઠ :** બળવંતભાઇ ભીખાજી ઠાકોર (રહે,શક્તિમાતાના મંદિર પાસે, જામફળવાડી, રામોલ) એ તા.૧૯/૫/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૫/૧૫ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના શેઠ છોગાલાલની દુકાનમાંથી ૧૬ તાકા પંજાબી ડ્રેસ કિંમત રૂપિયા ૨૭,૪૦૦/- ડીલીવરી આપવા સારૂ ઘંટાકર્ણ માર્કેટ દુકાન નંબર ૩૦૮(એ) ખાતે ગયેલ હતા. જ્યાં દુકાન બંધ હોવાથી બાજુની દુકાન નંબર ૩૦૬(એ) માં હાજર આરોપી (૧) નરેન્દ્રભાઇ પાંડે (૨) કિશોર (૩)ગુડુ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) નાઓએ ભેગામળી બળવંતભાઇને વિશ્વાસમાં લઇ, પંજાબી ડ્રેસનો માલ પોતાની દુકાનમાં ઉતરાવી લઇ, બાદમાં દુકાન બંધ કરી પલાયન થઇ જઇ, આરોપીઓએ બળવંતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૮/૧૫</u>**

**ચાંદખેડા** : ઇલાબહેન મોતીલાલ કુશારી (ઉ.વ.૫૯)(રહે, શુકન રેસીડેન્સી, વિભાગ-૧, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૫/૧૫ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા સ્વપ્ન શિલ્પ ફ્લેટ આગળથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) ઇલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૯/૧૫</u>**

**વટવા :** કનૈયાભાઇ જીવતભાઇ મહંતો (રહે, જેતલપુર ગામ, સ્વામીનારાયણ મંદીરની સામે, નવા બનતાં બ્રીજ ઉપર, વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૫/૧૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે નવા બનતાં બ્રીજ ઉપર એક જે.સી.બી.મશીન નંબર જીજે.૬.ઝેડ.,૬૪૬૫ ના ચાલકે પોતાનું જે.સી.બી. ચલાવી લાવી, બ્રીજ ઉપર કામ કરતાં મજુર ભલીછન નરેશકુમાર ઠાકુર (ઉ.વ.૪૦) નાઓને અડફેટે લેતાં, છાતીના ભાગે તેમજ પીઠનાં ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડતાં, તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવા :** સુભાષભાઇ વિક્રમસિંહ શર્મા (રહે, મરીયમબીબીની દરગાહ પાસે, બચુભાઇનો કુવો, વટવા) એ તા.૧૯/૫/૧૫ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૫/૧૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે જી.આઇ.ડી.સી.વટવા, મેક્સો કંપની આગળથી પોતાના ભાઇ રવિન્દ્રકુમાર વિક્રમસિંહ પરમાર(ઉ.વ.૪૪) મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક બોલેરો ગાડી નંબર જીજે.૧૮.એ.એચ.૧૪૪૦ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, રવિન્દ્રકુમારનાં મોટર સાયકલને ટક્કર મારતાં, રવિન્દ્રકુમારને માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૫/૧૫ રાતનાં ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.કરંગીયા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)